નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

દક્ષિણ ડાંગ વન વિભાગ, આહવા

# TENDER PAPERS
# FOR

**Tender Notice No.: 04/2026-27** Tender ID No.**310478**

**SOUTH DANG FOREST DIVISION, AHWA**

| | | |
|---|---|---|
| **1.** | Bid Downloading Start Date | 18/06/2026-11:00 |
| **2.** | Downloading of tender documents(Last Date and Time) | 29/06/2026-18:00 |
| **3.** | Online Submission of bid (Last Date and Time) | 29/06/2026-18:00 |
| **4.** | Submission of EMD, Tender Fee and mentioned documents (Last Date and Time) | 02/07/2026-16:00 |
| **5.** | Technical Bid: Online Verification of documents(Date and Time) | 02/07/2026-17:00 |
| **6.** | Online opening Commercial Bid (Date and Time) | 02/07/2026-17:30 |
| 7 | Estimated Value | 0.00 |
| **8** | Demand Draft of Tender fees from any nationalized bank will be in favour ***"Deputy Conservator of Forests, South Dang Division, Ahwa"*** Payable at Dang. | Rs.3600/- |
| **9** | EMD in favour **of *"Deputy Conservator of Forests, South Dangs Division, Ahwa"*** | Rs.2,00,000/- |

Deputy Conservator of Forests
South Dang Division,Ahwa

Chief Conservator of Forests
Valsad Circle,Valsad

**GOVERNMENT OF GUJARAT**
**FOREST DEPARTMENT DANG**

**Bidders Sign:**______________________________ **Date:**_______________________

## યોજનાકીય કામે સુશોભિત, ફુલો, ફળાઉ, જંગલ વૃક્ષોના રોપા ખરીદી કરવા અંગેના ઈ-ટેન્ડર

દક્ષિણ ડાંગ વન વિભાગના કાર્યવિસ્તારના જુદી જુદી રેંજોના ઉપયોગ માટે યોજનાકીય કામે સુશોભિત, ફુલો, ફળાઉ, જંગલ વૃક્ષોના રોપાના ટેન્ડર ભાવ પુરા પાડવા બાબતનુ ઈ-ટેન્ડર લેવા માટે સુચિબધ્ધ કરવાનુ ઈ-ટેન્ડર ધ્વારા બીડોને આમંત્રિત કરવામાં આવે છે.

ટેન્ડર ડોકયુમેન્ટ રાજય સરકારની વેબસાઈટ www.tender.nprocure.com ઉપર જોઈ શકાશે તથા નિયત તારીખ સુધી ડાઉનલોડ કરી અપલોડ કરી શકાશે.

દક્ષિણ ડાંગ વન વિભાગ કોઈ પણ કારણ આપ્યા વિના-ટેન્ડર ને પાછું ખેંચવાનો, ટેન્ડરમાં સમાવિષ્ટ કોઈપણ નિયમો/ શરતોમાં સુધારો કરવાનો, તેમજ કારણ-દર્શક નોટિસ આપ્યા વગર ટેન્ડરને નામંજૂર કરવાનો અધિકાર અનામત રાખે છે. આ અંગે નાયબ વન સંરક્ષકશ્રી, દક્ષિણ ડાંગ વન વિભાગ આહવાનો નિર્ણય આખરી અને તમામ માટે બંધનકર્તા રહેશે.

### ટેન્ડરના ડોક્યુમેન્ટ મોકલવાનું સરનામુ:-

રસ ધરાવતી એજન્સી એ આ ટેન્ડર માટે ની તમામ શરતો નો અભ્યાસ કરી ને ટેન્ડર ફી, બાનાની રકમ (EMD) તથા જરૂરી ડોક્યુમેન્ટ સ્વીકારવાનાં અંતિમ સમય પહેલા નીચે મુજબનાં સરનામે માત્ર રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં મળી જાય તેરીતે મોકલી આપવાના રહેશે.

| વિભાગ | સરનામું |
|---|---|
| દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા | નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,<br>દક્ષિણ ડાંગ વનવિભાગ,આહવા<br>તા. આહવા જી.ડાંગ ૩૯૪૭૧૦. |

## યોજનાકીય કામે સુશોભિત, ફુલો, ફળાઉ, જંગલ વૃક્ષોના રોપા ખરીદી કરવા અંગેના ઇ-ટેન્ડરની શરતો

1) **કોણ અરજી કરી શકે :** ગુજરાત રાજયમાં રહેનાર ભારતનો કોઈપણ નાગરીક/ એજન્સી / ઈજારદાર કે જે આ નિવિદામાં ઉલ્લેખિત નિયમો અને શરતોથી સંમત હોય અને મજુર મંડળીનાં કિસ્સામાં જો તેમની પાસે માન્ય રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ હોય, કોઇ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતુ, પાન કાર્ડ નંબર અને જીએસટી રજીસ્ટ્રેશન નંબર ધરાવતો હોયતે મંજુર થવા ટેન્ડર ભરી શકે છે. એજન્સીનાં કિસ્સામાં એટલે કે એક કરતાં વધુ વ્યકિત માણસોની સંસ્થાના કિસ્સામાં મુખ્ય કાર્યવાહી કરનાર વ્યકિતનું પાનકાર્ડ જરૂરી છે. જેથી જેતે ટેન્ડરરે પાન કાર્ડની નકલ, આધારકાર્ડની નકલ, જીએસટી નંબરની નકલ રજુ કરવાની રહેશે.
2) યોજનાકીય વાવેતર તથા વિતરણ માટે ખરીદવાના થતા રોપાઓના ભાવ મંજુર થયા બાદ જણાવેલ તાલુકા મથકે/ નર્સરીએ/ સ્થળે પહોંચતા કરવાના રહેશે.
3) અત્રેથ જણાવ્યાનુસાર રોપાઓ પહોંચાડવાના રહેશે તેમજ કોઇ પણ પ્રકારના નુકશાન વગરના હોવા જોઇએ જો નુકશાનવાળા રોપાઓ હશે તેનુ ચુકવણુ અત્રેથી કરવામાં આવશે નહી.
4) સદર કામગીરી માટે છેલ્લા ત્રણ ફાયનાન્સીયલ વર્ષમાં કોઇ પણ એક વર્ષમાં રૂ.૫૦.૦૦ લાખ સુધી આવક ધરાવતો હોવુ જોઇએ.
5) દરેક રેંજના કાર્યવિસ્તારની મુલાકાત લઇ સ્થળ વિઝીટ સર્ટીફિકેટ મેળવી રજુ કરવાનુ રહેશે.
6) ઈસમોના વતીથી કામ કરનાર પ્રતિનીધીઓએ એકરારનામુ રજુ કરવાના રહેશે.
7) ટેન્ડર ફી અંગેનો ડીમાન્ડ ડ્રાફ્ટ રૂ.૩૬૦૦/- (ત્રણ હજાર છ સો રૂપિયા પુરા) પરત મળવાપાત્ર નથી તથા ટેન્ડર EMD રુકમ રૂ.૨,૦૦,૦૦૦/- (બે લાખ પુરા)નો કોઇ પણ રાષ્ટ્રીય કૃતબેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ/ બેંકર્સ ચેક "Dy. Conservator of Forests, South Dangs Division, Ahwa"નાં નામનો રજુ કરવાનો રહેશે. જે ટેન્ડરનાં અન્ય દસ્તાવેજો સાથે અસલમાં અત્રેની કચેરીએ જણાવેલ સરનામે સમય મર્યાદામાં ફરજીયાત મોકલવાનાં રહેશે.
8) ટેકનિકલ બીડમાં સફળ રહેલ ઈજારદારોની જ નાણાંકીય બીડ વિભાગીય કક્ષાની કમિટી રૂબરૂ ખોલવામાં આવશે.
9) એજન્સી / ઈજારદારે તમામ પ્રકારના જે તે રેંજ વાઇઝ લોકેશન પર વાહતુક તથા ટેકસ સાથેના ભાવો ભરવાના રહેશે.
10) ચુકવાણું કરતા પહેલા વખતો વખતનાં દર મુજબ TDS/Service Tax/GST અને અન્ય લાગુ પડતા ટેક્ષની કપાત કરવામાં આવશે.
11) નક્કી કરેલ તારીખ / સમય પછી આપેલ ટેન્ડર સ્વીકારમાં આવશે નહી.
12) આપેલ તમામ ટેન્ડરો તથા તે પૈકીના કોઇ પણ ટેન્ડરો કારણો વગર અસ્વીકાર કે અંશતઃ સ્વીકારવાનો અધિકાર નાયબ વન સંરક્ષકશ્રી દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા પાસે અબાધિત રહેશે.
13) એજન્સી / ઈજારદારે ટેન્ડરમાં સહી કરનાર વ્યકિતએ તે પેઢીનાં ભાગીદાર કે મેનેજર હોય તો સ્ટેમ્પ પેપર ઉપર લખાણ રજુ કરવાનું રહેશે.
14) સદર ટેન્ડરની સમય મર્યાદા ચાલુ નાણાંકીય વર્ષ (૨૦૨૬-૨૭) તા.૩૧-૦૩-૨૦૨૭ સુધીની રહેશે. જો બંને પક્ષો સંમત થાય તો તેને વધુ 1 વર્ષ માટે વધારી શકાશે.
15) ટેન્ડર મંજુર થાય તેમણે માલના ઓર્ડર મળ્યાના ૨૧ (એકવીસ) દિવસમાં અથવા તે પહેલા જરૂરી ગુણવત્તા અને જથ્થાના પ્રમાણેના જરૂરી પ્રમાણપત્રો સાથે ઓર્ડર પ્રમાણેના સ્થળ ઉપર માલ પુરો પાડવાનો રહેશે.
16) જે વ્યકિત / સંસ્થા/ પેઢીના ટેન્ડર મંજુર કરવામાં આવે તેમણે સુશોભિત, ફુલો, ફળાઉ, ઘાસ, જંગલ વૃક્ષોના રોપા રોપાનો જાતવાર એક નમુનો જે તે પરિક્ષેત્ર વન અધિકારીશ્રી પાસે જમા કરાવી તેનુ પ્રમાણપત્ર મેળવી લેવાનુ રહેશે. ત્યારબાદ હુકમમાં જણાવ્યા મુજબનો માલ એક અઠવાડીયામાં પુરો પાડવાનો રહેશે. ગુણવત્તાવાળો માલ હશે તો જ ચુકવણુ કરવામાં આવશે કે ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

17) રોપા દક્ષિણ ડાંગ વન વિભાગ જે તે રેંજમાં સપ્લાય કરી જે તે રેંજના પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની સહી વાળી પાવતી રજુ કર્યે તથા પરિક્ષેત્ર વન અધિકારીશ્રી તરફથી શરતો મુજબના રોપા સપ્લાય થયા અંગેનો અહેવાલ મળ્યેથી ચુકવણુ કરવામાં આવશે.

18) રોપાઓ સપ્લાઇ કરતી વખતે સંબંધીત રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીનો સંપર્ક કર્યા બાદ સપ્લાઇ કરવાની રહેશે.

19) મંજુર થયેલ ટેન્ડર અન્ય ઈજારદાર / પાર્ટીને તબદીલ કરી શકાશે નહી.

20) ટેન્ડર મંજુર થયેથી માલસામાન સપ્લાઇ દરમ્યાન કોઇ પણ પ્રકારનના જાન-માલ ની નુકશાન થાય તે તે અંગેની સઘળી જવાબદારી ટેન્ડર ધારકની રહેશે.

21) સમયસર રોપા પુરા પાડવામાં નહી આવે તો ૧% પ્રમાણે નુકશાની વળતર ઈજારદાર પાસેથી વસુલ લેવામાં આવશે. આ અંગે સરકારશ્રીને થતું કોઇ પણ નુકશાન બંધનકર્તા ઈજારદાર પાસેથી સીધી રીતે વસુલ નહી આવે તો જમીન મહેસુલની બાકી તરીકે તેમની પાસેથી અથવા તેમના વાલી વારસો પાસેથી વસુલ કરવામાં આવશે અને તેમ કરવામાં ફાયદો થશે તો ઈજારદારનો કોઇ હકક રહેશે નહીં.

22) જો જણાવેલ સમયમર્યાદામાં અને ગુણવત્તાના ધોરણે માલ પુરો પાડવામાં નિષ્ફળ જશે તો તેમનું મંજુર થયેલ ટેન્ડર રદ કરવામાં આવશે અને ડીપોઝીટ પણ જપ્ત કરવામાં આવશે અને તે પછીની ઉપરના ભાવ ધરાવતી પાર્ટી પાસેથી માલ ખરીદવામાં આવશે એમ કરતા જે તફાવતની રકમ થશે તે તેમની પાસેથી વસુલ કરવમાં આવશે

23) રોપાની ગુણવત્તામાં ગડબડ થયાનું માલુમ પડશે તો બાકીનો હુકમ રદ કરી સરકાર સાથે છેતરપીંડી અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અને બાકી પડતા રોપાની ખરીદી તેમના જોખમે અને ખર્ચે કરવામાં આવશે.

24) રોપા ચાલુ કામકાજના દિવસ, સમય દરમ્યાન જે તે સ્થળે પહોંચતા કરવાના રહેશે. પરંતુ સંજોગોવસાત રજાના દિવસે ડીલીવરી કરવાની થાય તો ૨૪ કલાક પહેલા ઓફીસ સમય દરમ્યાન નાયબ વન સંરક્ષકશ્રી, દક્ષિણ ડાંગ વન વિભાગ,આહવાની કચેરીએ લેખીત અથવા ટેલીફોનથી જાણ કરી અથવા જ્યાં માલ ઉતારવાનો હોય તે સંબંધિત પરિક્ષેત્રવન અધિકારીની કચેરીએ અથવા હવાલો સંભાળનાર પરિક્ષેત્ર વન અધિકારીના ટેલિફોન/ મોબાઇલથી કરવાની રહેશે. અને દક્ષિણ ડાંગ વન વિભાગ તમામ રેંજમાં પહોંચતા કરવાના રહેશે

25) જેના નામે રોપા સપ્લાય કરવાનું ટેન્ડર મંજુર થશે તેમણે નિયત ઉંચાઇના તંદુરસ્ત અને ઉચ્ચ ગુણવત્તાવાળા રોપાઓ પુરા પાડવાના રહેશે. તેમના ધ્વારા પેટા કોન્ટ્રાકટ આપી શકાશે નહીં.

26) રોપાની અપુર્તતા માટે સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટર/સંસ્થાની રહેશે અને આ બાબતે સીધી રીતે કે આડકતરી રીતે સરકારશ્રીને નુકશાન થશે તો આવી નુકશાની રકમ બીલમાંથી કાપી લેવામાં આવશે.

27) રોપા જે તે સ્થળે વ્યવસ્થિત જથ્થો ચેક કરી આપવાનો રહેશે. રોપાની ડીલીવરી માટે હેરફેર દરમ્યાન નુકશાન પામેલા રોપા તેમજ દર્શાવેલ માપ સાઇઝ અને ગુણવત્તા મુજબ ફેઇલ થયેલ રોપા, તુટી ગયેલ પો.બેગ્સ સાથેના રોપા કે અન્ય કોઈ નુકશાની વાળા રોપા ઉતાર્યાબાદ પણ ગણતરીમાં લેવામાં આવશે નહીં. તથા હેરફેર દરમ્યાન નુકશાની કે અકસ્માત માટે વન વિભાગની કોઈ જવાબદારી રહેશે નહીં.

28) અધિકૃત પ્રતિનિધિ/અધિકારીની હાજરીમાં સૌ-પ્રથમ ભરેલી ટ્રક/વાહન માંથી રોપા ઉતારતા પહેલા સદરહું પ્રતિનિધિની હાજરીમાં નિયત કરેલ સ્થળે રોપા શરતો મુજબ ચેક કરાવી વ્યવસ્થિત ગણતરી કરી ગોઠવી આપવાના રહેશે. અને તેમની સહી લઇ પાવતી રજુ કરવાની રહેશે.

29) વખતો-વખતની સરકારશ્રીની સુચનાઓ અને નિતિ નિયમો આધિન ટેન્ડરની કાર્યવાહી કે તેના કારણે ઉત્પન્ન થયેલ કરાર રહેશે. કાબુ બહારના સંજોગોના કારણે ટેન્ડર મજુંર થયા બાદ કે ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન ટેન્ડર કરારનો આંશીક કે સંપુર્ણ અમલ ન થઇ શકે તો કોઇપણ જાતની નુકશાની વળતર મળશે નહીં અને તે અંગે કોઇ દાવો કે અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

30) ન્યાયની અદાલતમાં શિક્ષાપામેલ, નૈતિક અધ:પતનના ગુના સંબંધમાં શિક્ષા પામેલ, બ્લેક લીસ્ટ થયેલા, નાદાર, ૧૮(અઢાર) વર્ષથી નીચેની ઉંમરના અગર જે વન ખાતાની લેણી રકમ ભરવામાં નિષ્ફળ થયા હોય તેવા ઇસમને આ ઈજારદારને માંગણી કરવા દેવામાં આવશે નહી. માંગણી મંજુર થયા પછી આવી બાબતો નીચે સહી કરનારના ધ્યાન ઉપર આવશે તો તેવા માંગણીદારની માંગણી મંજુર થયેલ હશે તો પણ રદ કરવામાં આવશે અને માંગણીદારે ભરેલ રકમ સરકાર ખાતે જમા કરવામાં આવશે

31) ઈજારદારને માટે માંગણી કરતા પહેલા માંગણીદારે તમામ બાબતોને ધ્યાનમાં રાખી ભાવો આપ્યા છે એમ માની લેવામાં આવશે. એક વાર ટેન્ડર મંજુર થયા પછી કોઈ પણ દાદ ફરિયાદ સાંભળવામાં આવશે નહીં.

32) રોપા પુરા પાડવા બાબતે શરતો અને તેના અમલ અર્થે કોઈવાર વિવાદાસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો તે અંગે નાયબ વન સંરક્ષકશ્રી, દક્ષિણ ડાંગ આહવાનો નિર્ણય છેવટનો રહેશે.

33) ચુકવણા માટે રજુ થયેલ બીલ/વાઉચર ચુકવણા ફંડની ઉપલબ્ધતાને આધિન શક્ય ત્વરાએ કરવામાં આવશે. ચુકવણું ફંડની ઉપલબ્ધતાપર આધારિત હોવાથીઆ માટે કોઇ બાંહેધરી આપવામાં આવતી નથી.

34) જો એજન્સી સમયસર અથવા ગુણાત્મક રીતે કામ કરવામાં નિષ્ફળ જાય તો RFO દ્વારા નોટિસ જારી કર્યા પછી તેનો કોન્ટ્રાક્ટ સમાપ્ત કરવામાં આવશે અને તે જ દરે કામ કરવા ઈચ્છતી અન્ય કોઈપણ એજન્સીને કોન્ટ્રાક્ટ આપી શકાય છે. બીજની સમય અને ગુણવત્તા ખૂબ જ મહત્વપૂર્ણ છે અને કોઈપણ સંજોગોમાં કોઈ બાંધછોડ સાંખી લેવામાં આવશે નહીં. ગુણવત્તા અંગે સંબંધિત જે તે રેન્જ ફોરેસ્ટ ઓફિસર / મદદનીશ વન સંરક્ષકશ્રીનો નિર્ણય આખરી ગણાશે જો કે સંબંધિત નાયબ વન સંરક્ષક દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવે.

35) થયેલ કામગીરની ચુકવણી થયા પછી પણ તેની ગુણવત્તા અથવા જથ્થામાં કોઇ પણ ક્ષતિ ધ્યાને આવશે તો ઈજારદાર / એજન્સીને દંડ કરવામાં આવશે તેમજ જરૂર જણાય તો તેને બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

36) ટેન્ડરની તમામ શરતો ઈજારદાર / એજન્સીઓને બંધનકર્તા રહેશે તેમજ કોઇ પણ શરતનો ભંગ થશે તો ભરેલ ડીપોઝીટની રકમ સરકારશ્રી હસ્તક જમા કરવામાં આવશે. જે અંગે કોઇ ઈજારદાર / એજન્સી ધ્વારા વાંધો લઇ શકાશે નહી.

37) ટેન્ડર મંજુર થયેથી રૂ.૩,૦૦,,૦૦૦/- સિક્યુરીટી ડીપોઝીટ પેટેની રકમ જમા કરવાની રહેશે.

38) કામગીરી માટે મંજુર થયેલ એજન્સી/ ઈજારદારએ નાયબ વન સંરક્ષકશ્રીની કચેરીમાં નિયત કરેલ નમુનામાં કરાર અંગેનો રૂા. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર એફિડેવિટ કરી તેને નોટરી પાસેથી પ્રમાણિત કરાવી રજુ કરવાનો રહેશે

39) આ ટેન્ડર બાબતે ઉપસ્થિત થનાર કાનુની દાવાઓ આહવા-ડાંગ ન્યાયાલયની હુકુમતમાં રહેશે.

40) નક્કી કરવામાં આવેલી શરતો સિવાયનાં, અપૂરતા અથવા અપૂર્ણ ટેન્ડર, શરતી ટેન્ડર રદ કરવામાં આવશે.

41) શરતોના તમામ પેઇજ પર બીડ ભરનારે સહી કરીને બંધ કવરમાં રજુ કરવાની રહેશે.

42) આપના થતા રોપાના એક નંગના ભાવ તમામ ટેક્ષ સાથે વાહતુક ખર્ચ સાથે તેમજ રોપા વાહનમાં ચઢાવવા અને ઉતારવા સાથેનો આપવાનો રહેશે.

# Technical Bid

- **Name**(નામ):......................................................................................................
- **Mobile Number** (મોબાઇલ નંબર):.........................................................................
- **PAN Card** (પાન કાર્ડ નંબર):................................................................................
- **GST Number** (જીએસટી નંબર): .............................................................................
- **Bank Account No.** (બેંક એકાઉન્ટ નંબર):..................................................................
- **IFSC Code:**.........................................................................................................
- **Bank Name** (બેંકનું નામ):.......................................................................................
- **Communication Address** (સરનામું): ...................................................................
  ..............................................................................................................................

**Document to be submitted :**(જરૂરી દસ્તાવેજોનું લીસ્ટ):

1) Fully Signed copy of the Terms and Condition for E-Tender Notice No: 04/2026-27
2) Self-attested copy of GST registration Number (સ્વપ્રમાણિત કરેલ GST રજીસ્ટ્રેશનનીનકલ)
3) Self-attested copy of Pan Card(સ્વપ્રમાણિત કરેલ પાનકાર્ડની નકલ)
4) Self-attested copy of Aadhar Card(સ્વપ્રમાણિત કરેલ આધારકાર્ડની નકલ)
5) In Case Mandli / SHG / Partnership Copy of Firm Registration Certificate (જો મંડળી /એસ.એચ.જી. ગૃપ / ભાગીદારી પેઢી હોય તો નોંધણી પ્રમાણપત્રની નકલ
6) Submitted Site Visit Certificate of All 8 Ranges ( જણાવેલ કુલ-8 રેંજોનું સાઇટ વિઝીટ સર્ટફિકેટ રજુ કરવાના રહેશે.
7) Last 3 Year IT returns
8) Bid Application-cum-Declaration (Annexure-1 to 4)
9) Declaration of not being blacklisted
10) Tender Fee: Rs. 3600/- (Demand Draft / Bankers check of any nationalized bank).
    In Favour of **"Dy. Conservator of Forest, South Dangs Forest Division Ahwa"**
    (**"Dy. Conservator of Forest, South Dangs Forest Division Ahwa"**નામનો રૂા.3600/-નો રાષ્ટ્રીયકૃત બેંકનો DD/બેંકર્સ ચેક)
11) EMD:Rs. 2,00,000/- (Demand Draft /Bankers check of any Nationalized bank)
    In Favour of"**Dy. Conservator of Forest, South Dangs Forest Division Ahwa" ("Dy. Conservator of Forest, South Dangs Forest Division Ahwa"** નામનોરૂા. 2,00,000/-નો રાષ્ટ્રીયકૃત બેંકનો DD/બેંકર્સ ચેક)

……………………..................................………. **(Name)**hereby declare that I have read all the terms &Conditionscarefully and having agreed to them fully and unconditionally have submitted the financial Bid attached with this document. The details mentioned above are true to my knowledge and the documents as listed above are attached herewith.

આથી હું...........................................................................................(નામ) જાહેર કરૂ છુ કે, અમોએટેન્ડરના તમામ શરતોઅને નિયમોકાળજીપૂર્વકવાંચીને તે અંગે સંપૂર્ણ બિનશરતી રીતે સહમત થાંઉ છું અનેઆ સાથે નાણાંકીય બીડ તમામ જરૂરી ડોકયુમેન્ટ સાથે રજુ કરૂ છુ.ઉપરોકત તમામ બાબતો મારી જાણકારી મુજબ સાચા છે અને જરૂરી દસ્તાવેજો આ સાથે જોડવામાં આવેલ છે.

**Bidders Sign:**______________________________ **Date:**_______________________ 

# Bidder's Information Form

| Sr. No | Details | Information |
|---|---|---|
| 1 | Name | |
| 2 | Contact Number | |
| 3 | PAN Card Number | |
| 4 | GST Number | |
| 5 | Bank Account Number | |
| 6 | IFSC Code | |
| 7 | Bank Name | |
| 8 | Address | |
| 9 | Email | |

## Additional Information:

| | | |
|---|---|---|
| **1** | Name of the applicant/organization/ firm/company | |
| **2** | Complete address with telephone/fax number, mobile number, and email | |
| **3** | Legal status: Individual/Private/Public | |
| **4** | Name and designation of authorized person(s) to act on behalf of the firm for this work | |

### કચેરીના નામ સરનામા અને ટેન્ડર મોકલવાનુ સરનામુ

| અ.નં. | રેંજનું નામ | રેંજનુ સરનામુ | ટેન્ડર મોકલવાનું સરનામુ |
|---|---|---|---|
| ૧ | આહવા પુર્વ | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી આહવા પુર્વ તા.આહવા જી.ડાંગ | નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા તા.આહવા જી.ડાંગ પીન.૩૯૪૭૧૦ ફોન નંબર(૦૨૬૩૧-૨૨૦૨૪૬૯ |
| ૨ | ગલકુંડ | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી ગલકુંડ તા.આહવા જી.ડાંગ | |
| ૩ | શામગહાન | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી શામગહાન તા.આહવા જી.ડાંગ | |
| ૪ | ચીખલી | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી ચીખલી તા.વઘઇ જી.ડાંગ | |
| ૫ | સાકરપાતળ | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી સાકરપાતળ તા.વઘઇ જી.ડાંગ | |
| ૬ | વઘઇ | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી વઘઇ તા.વઘઇ જી.ડાંગ | |
| ૭ | ચીચીનાગાંવઠા | રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી ચીચીનાગાંવઠા તા.વઘઇ જી.ડાંગ | |
| ૮ | અધિક્ષકશ્રી બોટાનિકલ ગાર્ડન વઘઇ | અધિક્ષકશ્રીની કચેરી બોટાનિકલ ગાર્ડન વઘઇ | |
| ૯ | અધિક્ષકશ્રી વાંસદા નેશનલ પાર્ક | અધિક્ષકશ્રીની કચેરી વાંસદા નેશનલ પાર્ક | |

**Annexure-1**

**શ્રમિકોને લગતા કાયદા પાલન અંગેનું પ્રમાણપત્ર**

**(એજન્સી / પાર્ટી / પેઢી ધ્વારા પોતાના લેટર પેઢ પર સહી સિક્કા સાથે લખી આપવુ)**

વિષયઃ શ્રમિકોને લગતા કાયદા પાલન અંગે બાહેંધરી

આથી બાહેંધરી આપવામાં આવે છે કે, અમારા દ્વારા ગુજરાત સરકારના વિવિધ વિભાગો /કચેરીઓ/ બોર્ડ/કોર્પોરેશન દ્વારા કોન્ટ્રાક્ટર, આઉટ સોર્સીંગ એજન્સી મારફ્ત રોકવામાં આવેલ શ્રમયોગીઓને લાગું પડતા શ્રમ કાયદા મુખ્યત્વે લઘુત્તમ વેતન તેમજ કોન્ટ્રાક્ટ, લેબર એક્ટની કાયદાકીય જોગવાઈ અંગેના શ્રમ આયુક્તશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક શ્ર.આ/ટે.૩/૧૯૯/૨૦૨૩, તા.૦૧/૦૪/૨૦૨૩ માં આપેલ તમામ જોગવાઈ અંગે માહિતગાર છીએ.

ઉપરાંત, જો અમારું ટેન્ડર મંજૂર કરવામાં આવશે તો, શ્રમ કાયદા અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ મુજબ વખતો વખત નક્કિ કરવામાં આવતા લઘુત્તમ વેતન મુજબ અમો દ્વારા કામગીરીએ રોકવામાં આવેલ શ્રમિકોને ચુકવણુ કરવામાં આવશે. જો વન વિભાગ દ્વારા અમારું ટેન્ડર મંજૂર કરવામાં આવશે તો, ઊપરોક્ત જોગવાઈઓનું પાલન કરવાની બાહેંધરી આપીએ છીએ.

| | |
|---|---|
| તારીખ: | એજન્સી/બીડરનું નામઃ |
| સ્થળ: | એજન્સી / બીડરની સહી |

## Annexure-2

**કામગીરીની ગુણવત્તા અને સમયપાલન અંગેનું પ્રમાણપત્ર**
**(એજન્સી / પાર્ટી / પેઢી ધ્વારા પોતાના લેટર પેઢ પર સહી સિક્કા સાથે લખી આપવુ)**

વિષયઃ કામગીરીની ગુણવત્તા અને સમય પાલન બાબત

વન વિભાગમાં કરવાના થતા કામો ગુણવત્તાસભર તેમજ સમયમર્યાદામાં થાય તે ખૂબ જ જરૂરી છે. તેની અમને સમજ આ ટેન્ડર ડોક્યુમેન્ટ મારફતે મળેલ છે. આથી વન વિભાગ દ્વારા જો અમારૂ ટેન્ડર મંજૂર કરવામાં આવશે તો અમને મળતા વર્ક ઓર્ડરમાં દર્શાવેલ સમયગાળામાં ગુણવત્તાસભર કામગીરી કરી આપવામાં આવશે, તેની બાંહેધરી આપવામાં આવે છે.

તારીખ: એજન્સી/બીડરનું નામઃ

સ્થળ: એજન્સી / બીડરની સહી

## Annexure-3

**વન વિભાગના કાયદા અંગેનું પ્રમાણપત્ર**

**(એજન્સી / પાર્ટી / પેઢી ધ્વારા પોતાના લેટર પેઢ પર સહી સિક્કા સાથે લખી આપવુ)**

વિષય: વન વિભાગના કાયદા અંગેનું પ્રમાણપત્ર

સવિનય સાથે જણાવવાનું કે, વન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડરની તમામ બાબતોનો અભ્યાસ અમે કરેલો છે. તથા જો અમારું ટેન્ડર મંજુર કરવામાં આવશે તો, કામગીરી દરમ્યાન કોઈ પણ વાઇલ્ડ લાઈફના હેબીટાટને નુકસાન ન થાય તે રીતે કામગીરી હાથ ધરવામાં આવશે. અને કામગીરી દરમ્યાન વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એક્ટ-૧૯૭૨, ભારતીય વન અધિનિયમ -૧૯૨૬ તથા તેમાં થતા વખતો વખતના સુધારાઓને ધ્યાનમાં રાખીને તેમાં ઉલ્લેખિત કોઈ પણ જોગવાઈઓનો અમારા દ્વારા કે અમારા માણસો/શ્રમિકો દ્વારા ભંગ નહિ કરવામાં આવે તે અંગે અમો બાંહેધરી આપીએ છીએ.

| | |
|---|---|
| તારીખ: | એજન્સી/બીડરનું નામ: |
| સ્થળ: | એજન્સી / બીડરની સહી |

## Annexure-4

**લોહીના સબંધ અંગેનું પ્રમાણપત્ર**
**(એજન્સી / પાર્ટી / પેઢી ધ્વારા પોતાના લેટર પેઢ પર સહી સિક્કા સાથે લખી આપવુ)**

વિષયઃ લોહીના સંબંધ અંગેનું પ્રમાણપત્ર

સવિનય સાથે જણાવવાનું કે, વન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડરની તમામ બાબતોનો અભ્યાસ અમે કરેલો છે. તેમજ ........................................................... રેન્જની (જે રેન્જમાં ભરવા માંગતા હોય તે રેન્જના નામ લખવા) કામગીરીનું અમારા દ્વારા ટેન્ડર ભરવામાં આવે છે, ત્યાં અમારા કુટુંબના સભ્યો કે અમારી સાથે લોહીનો સબંધ ધરાવતા કોઈ કર્મચારી ફરજ બજાવતા નથી.

જો આવી કોઈ બાબત વન વિભાગના ધ્યાન પર આવશે, તો સક્ષમ અધિકારી દ્વારા આ અંગે જે કોઈ નિર્ણય લેવામાં આવશે તે અમોને મજુર રહેશે, તે અંગે અમે બાંહેધરી આપીએ છીએ.

| | |
|---|---|
| તારીખ: | એજન્સી/બીડરનું નામઃ |
| સ્થળ: | એજન્સી / બીડરની સહી |

Annexure-5

## બ્લેકલિસ્ટેડ ન હોય તેવી બાહેધરી

(રૂા.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર)

હું/અમે નીચે સહી કરનાર, આથી પ્રમાણિત કરીએ છીએ કે જોડાયેલ દસ્તાવેજોમાં આપેલા બધા નિવેદનો સાચા છે. હું/અમે વધુમાં જાહેર કરીએ છીએ કે અમે **E-Tender Notice No: 04/2026-27** Tender ID No.**310478** માં ઉલ્લેખિત તમામ નિયમો અને શરતોને કાળજીપૂર્વક વાંચ્યા પછી સંપૂર્ણપણે અને બિનશરતી રીતે સંમત છીએ. હું/અમે એ પણ પ્રમાણિત કરીએ છીએ કે અમારી પેઢી/એજન્સીને કોઈપણ સરકારી એજન્સી દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવી નથી.

તારીખ: એજન્સી/બીડરનું નામઃ

સ્થળ: એજન્સી / બીડરની સહી

# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
# દક્ષિણ ડાંગ વન વિભાગ, આહવા

Annexure-6

## Site Visit Certificate સાઈટ વિઝીટ સર્ટીફિકેટ

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે કે **E-Tender Notice No: 04/2026-27** Tender ID No.**310478** ના અનુસંધાને છે ........................................................ પેઢી/ એજન્સી/ પાર્ટી ધ્વારા અત્રેની રેંજના કાર્યક્ષેત્રમાં આવેલ સ્થળની મુલાકાત લેવામાં આવેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**(નોંધઃ આ પ્રમાણપત્ર ફક્ત ઓનલાઈન જાહેર નિવિદા ભરવાના કામ અર્થે આપવામાં આવે છે. જેનો અન્ય રીતે ઉપયોગ કરી શકાશે નહી.**

સ્થળ રેંજ ફોરેસ્ટ ઓફિસર

તારીખ